બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# વર્ષા કાવ્યો (વર્ષા ગીત)

સંકલન : ભરતકુમાર એલ. ચૌહાણ “ઓ-કાન્હા”

https://okanha.wordpress.com

મેહુલા ! – ભનુભાઇ વ્યાસ ‘સ્વપ્નસ્થ’

ઝંખે છે ભોમ પાણી પાણી ઓ, મેહુલા !
ઝંખે છે ભોમ પાણી પાણી
તુંને શું આગ આ અજાણી ? ઓ મેહુલા !

મેલાં આકાશ, જાણે મૃત્યુની ખીણ ખડી,
સૂરજની ચેહ ત્યાં ચેતાણી, ઓ, મેહુલા !
હજીયે ખડા ન ખેંચાણી ? ઓ, મેહુલા !

રૂંધ્યા છે વાયરા ને રૂંધી રતૂમડી
મેલી દિશાઉં ધૂંધવાણી.....ઓ, મેહુલા !
તોયે ના આરજૂ કળાણી ? ઓ, મેહુલા !

ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી,
સીમે આ શોકસોડ તાણી ઓ, મેહુલા !
તોયે ન પ્યાસ પરખાણી ? ઓ, મેહુલા !

ભાંભરતાં ભેંસગાય, પંખી ગુપચુપ જોય
ચાંચો ઉઘાડી.....બિડાણી.....ઓ, મેહુલા !
જાગી ન જિંદગીની વાણી ? ઓ, મેહુલા !

મારી માનવની આંખ જોતી ક્ષિતિજે કરાળ
તારી ના એક રે એંધાણી ઓ, મેહુલા !
તારી કાં એક ના એંધાણી ? ઓ, મેહુલા !

– ભનુભાઇ વ્યાસ ‘સ્વપ્નસ્થ’

આ શ્રાવણ નીતર્યો સરવડે - બાલમુકુન્દ દવે

આ શ્રાવણ નીતર્યો સરવડે કોઇ ઝીલો જી
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઇ ઝીલો જી.
આ કપૂર-કાયા સરી જશે કોઇ ઝીલો જી
પેલા ઊડી ચાલ્યા ધૂપ હો કોઇ ઝીલો જી.

આ જલધારામાં ઝૂલતી કોઇ ઝીલો જી
પેલી તૂટે મોતનમાળ હો કોઇ ઝીલો જી
આ લટ લહેરાતી લળી લળી કોઇ ઝીલો જી
પેલું કોણ હસે મરમાળ? હો કોઇ ઝીલો જી.

આ નથી ટપકતાં નેવલાં કોઇ ઝીલો જી
આ વરસે અમરત-મેહ હો કોઇ ઝીલો જી
આ સમણાં કેરા કરા પડે કોઇ ઝીલો જી
આ નરદમ વરસે નેહ હો કોઇ ઝીલો જી

આ ચળકે વાદળ-તલાવડી કોઇ ઝીલો જી
એની તડકે બાંધી પાળ હો કોઇ ઝીલો જી
આ દિન વહી ચાલ્યો સુહામણો કોઇ ઝીલો જી
આ રાત ચલી રઢિયાળ હો કોઇ ઝીલો જી

આ દૂધે ધોયા ડુંગરા કોઇ ઝીલો જી
પેલી ઝરણાંની વણજાર હો કોઇ ઝીલો જી
આ જતિ-સતીનાં તર રેલે કોઇ ઝીલો જી
પેલા શિવલોચન-અંબાર હો કોઇ ઝીલો જી

- બાલમુકુન્દ દવે

વર્ષા - ઝવેરચંદ મેઘાણી

ભીડેલા આભને ભેદી કો’ રાજબાળ તાળીઓ પાડતી છૂટી,
બાપુના લાખ લાખ હેમર હાથીડલા હાંકતી હાંકતી છૂટી.

ઘાટા અંબોડલાની મેલી લટ મોકળી, રંગભરી રાસડે ઘૂમે,
લૂંબઝૂંબ તારલાના ટેટા ઝંઝેડતી, ચાંદા સૂરજને ચૂમે.

રૂંધ્યાં જોબન એના જાગી ઊઠ્યાં રે આજ, કાજળ ઘૂંટે છ (છે) કાઠિયાણી,
નવરંગી ચૂંદડીના ચીરા ઉરાડતી (ઊડાડતી) કોને ગોતે છ મસ્તાની !

કોને પાવાને કાજ સંચી રાખેલ હતી આ વડલાની દૂધની કટોરી!
ચાંદા-સૂરજની ચોકી વચ્ચેય તુંને કોણ ગયું શીખવી ચોરી !

સંધ્યાને તીર એક બખ્તરિયો જોધ ને ઘોડલાની જોડ મેં દીઠી;
એની બેલાડમ ચડી, ક્યાં ચાલી એકલી, ચોળી તું તેજની પીઠી ?

નિર્જન ગગનના સીમાડા લોપતી, આવ રે આવ અહીં ચાલી;
સૂતી વસુંધરાને વીજળ સનકાર કરી, પાતી જા ચેતનાની પ્યાલી.

- ઝવેરચંદ મેઘાણી

આષાઢી સાંજનાં અંબર ગાજે - ઝવેરચંદ મેઘાણી

આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે,મેઘાડંબર ગાજે !
—આષાઢી.

માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે.—
આષાઢી .

ગરવા ગોવાળિયાના પાવા વાગે
પાવા વાગે,સૂતી ગોપી જાગે.
—આષાઢી .

વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે
—આષાઢી.

ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડભીંજે,ખોળે બેટો રીઝે.
—આષાઢી.

આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે મેઘાડંબર ગાજે !

- ઝવેરચંદ મેઘાણી

આવ્યો વરસાદ - મૌસમી મકવાણા – 'સખી'

આવ્યો વરસાદ આજ એવો.. મજાનો.....
આભથી વરસે જો... જળનો ખજાનો....... (૨)

ગરજે આ વાદળને....... વિજલડી થાતી....
મોરલાને ટહુકે રે .......ઝરી-ઝરી જાતી ..... (૨)
ધરતીને હૈયે જો...... આવ્યો ઉછાળો.........
આભથી વરસે જો .......જળનો ખજાનો.....

મનગમતી મોસમને ......મેઘની સવારી....
લીલુડી ધરતી આ ........થાય હરિયાળી....... (૨)
હરપલ આ જિંદગીનો લ્હાવો રે માણો.........
આભથી વરસે જો .......જળનો ખજાનો.........

નાનકડા બાળ સૌ .......છ્બ-છ્બ કરતા........
મોટેરાં ગોટાની ..........રમઝટ કરતા........... (૨)
ખેડૂત આ હરખાઈ ઘેલો રે થાતો...........
આભથી વરસે જો ....જળનો ખજાનો .........

આવ્યો વરસાદ આજ એવો..... મજાનો......
આભથી વરસે જો...... જળનો ખજાનો.........

- મૌસમી મકવાણા – 'સખી'

પેલ્લા વરસાદ નો  છાંટો મુને વાગિયો - અનિલ જોષી

પેલ્લા વરસાદ નો  છાંટો મુને વાગિયો
હું પાટો બંધાવાને હાલી રે...
વ્હેંત વ્હેંત લોહી કાંઈ ઊંચું થિયું ને
જીવને તો ચડી ગઈ ખાલી રે...

સાસુ ને સસરાજી અબઘડીયે આવશે
કાશીની પૂરી કરી જાતરા રે...
રોજિંદા ઘરકામે ખલ્લેલ પહોંચાડે મુને
આંબલીની હેઠે પડ્યા કાતરા રે...

પિયુજી છાપરાને બદલે જો આભ હોત
તો બંધાતી હોત હું યે વાદળી રે...
માણસ કરતાં હું હોત મીઠાંની ગાંગડી
તો છાંટો વાગ્યો કે જાત ઓગળી રે...

પેલ્લા વરસાદ નો  છાંટો મુને વાગિયો
હું પાટો બંધાવાને હાલી રે...
વ્હેંત વ્હેંત લોહી કાંઈ ઊંચું થિયું ને
જીવને તો ચડી ગઈ ખાલી રે...

- અનિલ જોષી

વર્ષા – નર્મદાશંકર

અંધારી આ રજની સજની, મેઘબિહામણી રે,
વારે વારે દરશન દઈ, ચોંકવે દામણી રે;
ધો ધો ધો ધો, ઉદક પડતું, પહાણ ઉપેર ભારી,
દેખી સંધું ક્યમ ન ટટળું નાથ સારુ હું નારી ?

આ તોફાને, ખૂબ કરી કળા, ડુંગરે નાચતા રે,
'ટેહુ' 'ટેહુ', વદી હરખમાં, મોર તે વૃંદમાં રે;
દેખી દાઝું ઊંચકી તન ના, જંગી વિલાસ કીધો,
માદા પેરે, ઝીલી સુરસ મેં, હાય રે ના જ પીધો !

દિલાસાથી, ધીરજ ધરવી, ચાતકા, જોઈ તુંને,
તારું સીઝ્યું, મુજ નવ સીઝ્યું, લહાય વાધી જ મુને;
રે દાદુરા, ઘન વરસતો જોઈ ફુલાઈને રે,
'ડ્રૌંઊ' 'ડ્રૌંઊ', અતિસ લવી કાં ચીડવે છે મને રે ?

શા સારુ ઓ, દરદી હું છતાં બહેની કોયલડી રે,
ટૂઊ ટૂઊ કરતી હું વિના, મેઘસૂરે ચડી રે
તોબાકારી તીણી જ ચીસથી, સારસા, ભાઈ તારી,
કેશો ઊભા, કરી કણકણે, પેટ બાળે છ ભારી.

-નર્મદાશંકર

વિજોગ - મનસુખલાલ ઝવેરી

ઘન આષાઢી ગાજિયો, સળકી સોનલ વીજ,
સૂરે ડુંગરમાળ હોંકારા હોંશે દિયે.

મચવે ધૂન મલ્હાર કંઠ ત્રિભંગે મોરલા,
સળકે અન્તરમાંહ્ય સાજણ ! લખલખ સોણલાં.

ખીલી ફૂલબિછાત, હરિયાળી હેલે ચડી,
વાદળની વણજાર પલપલ પલટે છાંયડી.

ધમકે ઘૂઘરમાળ સમદરની રણઝણ થતી,
એમાં તારી યાદ અન્તર ભરી ભરી ગાજતી.

નહિ જોવાં દિનરાત : નહિ આઘું, ઓરું કશું;
શું ભીતર કે બહાર, સાજણ ! તુંહિ તુંહિ એક તું.

નેન રડે ચોધાર તોય વિજોગે કેમ રે ?
આ જો હોય વિજોગ, જોગ વળી કેવા હશે ?

- મનસુખલાલ ઝવેરી

ઝરમર વરસે ઝીણી - યોગેશ જોષી

ઝરમર વરસે ઝીણી !
થાય મને કે લઉં પાંપણથી વીણી.

વર્ષાની ધારાઓ સાથે આભ પીગળતું ચાલે;
ધણ વાદળનાં વીજ-ચાબખે પવન હાંકતો ચાલે !
માટીમાંથી સુગંધ ફોરતી ભીની,
ઝરમર વરસે ઝીણી !

ઘેરાયા આ મેઘની વચ્ચે રહી રહી ઢોલ ઢબૂકે,
હૈયામાં ગૌરંભા વચ્ચે રહી રહી વીજ ઝબૂકે !
રોમે રોમે અગન ઊઠે છે તીણી,
ઝરમર વરસે ઝીણી !

-યોગેશ જોષી

અનુભૂતિ - ડૉ. નીલેશ રાણા

આજ ભીંજાવું શું છે જાણ્યું
વર્ષાએ કરી કમાલ,
મારે આંગણ સાગર વરસે
લઈને નદીઓનું વહાલ.

સોળ વરસની વર્ષા નાચે
બાંધી મસ્ત પવનના ઝાંઝર,
ઉમંગોની લચકાતી કમર પર
પીડાની છલકે છે ગાગર,
વાત ચઢી વંટોળે, હું થઈ ગઈ માલામાલ,
જડ્યું અચાનક ગોપિત ઝરણું, વર્ષાએ કરી કમાલ.

આભઅરીસે મીટ જો માંડી
કાયા થઈ ગઈ કંકુવરણી,
ફોરા અડે, મહેક્યા સંદેશા
ગોકુળ બનતી મનની ધરણી,
ભીતર કનડે ભીના રાગો, સાતે સૂરો કરે ધમાલ,
ગમ્યું અચાનક ખુદને મળવું, વર્ષાએ કરી કમાલ.

- ડૉ. નીલેશ રાણા

કે વરસાદ પડે છે - મુકેશ જોષી

પથ્થર જેવા દિવસોને પણ માનભેર બોલાવો કે વરસાદ પડે છે,
‘ફૂણી ફૂણી સાંજો’ ! મારી આંખે રહેવા આવો કે વરસાદ પડે છે.

વાદળને આકંઠ ભેટવા દોડ્યાં સૂરજ કિરણો કે વરસાદ પડે છે,
મેઘધનુથી ભાગી છૂટ્યાં રંગ ભરેલાં હરણો કે વરસાદ પડે છે.

મૂળ વાત ડાળીને કહેવા મૂળમાંથી સમજાવે કે વરસાદ પડે છે,
નભનું પાણી દરિયાઓનાં પાણીને નવડાવે કે વરસાદ પડે છે.

છત્રીમાં પેસીને વાંચે બંને જળની ભાષા કે વરસાદ પડે છે,
મમ્મી-પપ્પા માની જાશે એવી રાખે આશા કે વરસાદ પડે છે.

ગરમગરમ મરચાંનાં ભજિયાં લારી પર બોલાવે કે વરસાદ પડે છે,
ચટણી હો કે સૉસ નહીં તો પાણી સાથે ભાવે કે વરસાદ પડે છે.

યાદ આવતાં ભીની ભીની અમે લખ્યો’તો કાગળ કે વરસાદ પડે છે,
સામેથી ઉત્તર આવ્યો કે મેં જ મોકલ્યાં વાદળ કે વરસાદ પડે છે.

- મુકેશ જોષી

ઊમટી આવ્યાં વાદળ - પન્ના નાયક

ઊમટી આવ્યાં વાદળ,
ધોધમાર એ વરસ્યાં આંખનું રેલી નાંખ્યું કાજળ.

કોઇની કાળી નજર લાગી ને
અંગે અંગે વીજળી,
સળવળાટથી સણકે એવી
કે મારામાં ગઇ પીગળી,
મારામાંથી નીકળી ચાલ્યું કોઇ આંખની આગળ.

એવી આ તે કશી કુંડળી
ગ્રહો લડે આપસમાં,
ઝેર ઝેર લ્યો વ્યાપી ચૂક્યું
અમરતની નસનસમાં,
વિધાતાએ કરી મૂક્યો છે કાબરચીતરો કાગળ.

- પન્ના નાયક

ચાલો ચાલેને રમીએ હોડી હોડી – પિનાકીન ત્રિવેદી

વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર
ઝરણાં નાના જાય દોડી દોડી

બાપુનાં છાપાં, નક્કામાં થોથાં
કાપી કૂપીને કરીએ હોડી ...ચાલોને

સાદી સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી ... ચાલોને

ખાલી રાખેલી, ઊંધી વળે તો
પાંદડા ને ફૂલ ભરું, તોડી તોડી ... ચાલોને

જાશે દરિયાપાર પરીઓના દેશમાં
સૌથી પહેલા દોસ્ત મારી હોડી ... ચાલોને

– પિનાકીન ત્રિવેદી

આવી મૌસમ - નલિની સિંહ " નિશી "

“આવી મૌસમ” પીયુ આગમન હરખીલા સાજન,
મેહુલા નાં મિલન ની, પ્રીત લાગણીઓને લણવાની.

“આવી મૌસમ” બારેમાસની મુજ શાંત હૈયે મંદ મંદ,
હેત ખુશ્બુઓ નો માહોલ સદા ય ફૂટતાં રહેવાની.

“આવી મૌસમ” ખાંગા બનીને વરસે મુજ મન ભીતર,
મદહોશ અવિરત લાગણીઓ ની રંગત રેલી ઘોડા પૂરની.

“આવી મૌસમ” માશુક મિજાજ માહોલ ઘટા ઘનઘોર,
વાદળ, વીજળી, કોયલડી ને ટહુકતા”નિશી”મન મયુરની.

- નલિની સિંહ " નિશી "

વીજળી ચમકે છે - ત્રિભુવન ગૌ. વ્યાસ

વા વાયો ને વાદળી આવી ચઢી,
એને નીરખી નમતે પહોર;
વીજળી ચમકે છે.

રત ગાજી ને નેહનાં નીર ટપક્યાં,
હૈયાંના ટહુક્યા મોર : વીજળી ૦

ઉર ઊછળતાં આશનાં પૂર રેલ્યાં,
ચડી હૃદય ઘટા ઘનઘોર : વીજળી ૦

એક ઊડતો સંદેશડો આવી મળ્યો,
ચિત્તડા માંહી જાગ્યા ચકોર : વીજળી ૦

વાગી વેણુ કો દૂરના દેશમાંથી,
મધરાતલડીને પહોર : વીજળી ૦

વા વાયો ને વાદળી વિદેશ ગઈ,
હજુ સ્મરણ માંહી નઠોર : વીજળી ૦

- ત્રિભુવન ગૌ. વ્યાસ

એલી વાદળી - પ્રહ્લાદ પારેખ

વાદળી ! ક્યાંરે રે ગૈ,એલીવાદળી ?
તને જોઇતી મેં દુર મારી સીમે;
તું તો આવંતી પાસ ધીમે ધીમે;
હતી જોઇ તારી વીજ,
હતું સુણ્યું તારું ગીત;
મેંતો આશાની માંડી'તી મીટજી
તને સુઝી શી આ મતિ ?
તેં તો આડી કરી ગતિ ! એલી વાદળી....

મેં તો જાણ્યું, તું વરસી અહીં જાશે,
મારા ખેતર સૌ અંકુરિત થાશે.
મારાં પંખીડા ન્હાશે,
મારા ઝરણાઓ ગાશે.
મારું મનડું ઉમંગે એ નાચશે જી !
ત્યાં તો થઇ તું અદીઠ !
આ તે કેવી તારી રીત ? એલી વાદળી....

હવે લાવે જો નીર ફરી વારે,
અને આવે જો ગામ ચડી મારે.
વેણ કે'વાને ત્યારે
મારા ડુંગરની ધારે
એક બેસી જોઇશ તારી વાટ જી.
બેન જાતી ના આમ
રાખી સુકું તમામ. એલી વાદળી....

- પ્રહ્લાદ પારેખ

ઝરમર વરસે ઝીણી – યોગેશ જોષી

ઝરમર વરસે ઝીણી
થાય મને કે લઉં પાંપણથી વીણી

વર્ષાની ધારાઓ સાથે
આભ પીગળતું ચાલે;
ધણ વાદળનાં વીજ-ચાબખે
પવન હાંકતો ચાલે !

માટીમાંથી સુગંધ ફોરતી ભીની,
ઝરમર વરસે ઝીણી.

ઘેરાયા આ મેઘની વચ્ચે
રહી રહી ઢોલ ઢબૂકે,
હૈયામાં ગૌરંભા વચ્ચે
રહી રહી વીજ ઝબૂકે !

રોમે રોમે અગન ઊઠે છે તીણી
ઝરમર વરસે ઝીણી.

– યોગેશ જોષી

આભ ગોરંભે ચડી - પ્રજ્ઞા વશી

આભ ગોરંભે ચડી અથડાય છે વરસાદમાં,
ને ધરાનાં ચીર પણ ધોવાય છે વરસાદમાં.

કેમ એની આંખમાં શ્રાવણ વહે વૈશાખમાં ?
રેશમી અલગાવ અહીં પોંખાય છે વરસાદમાં.

વીજ થૈને એમ તારું દૂરથી ચમકી જવું
તોય મન તો દાઝવા લોભાય છે વરસાદમાં

લાગણી ટહૂકે ભીની આ સગપણોના આભમાં,
તો ય કોયલ ભીતરે મુંઝાય છે વરસાદમાં.

પ્રેમની સિતાર જ્યાં મલ્હારતી સૂનકારમાં,
એક દરિયો આંખમાં છલકાય છે વરસાદમાં.

એક છત્તર હોય તોયે કેમ એ આઘા રહ્યા ?
કોરી કોરી આ ક્ષણો વરતાય છે વરસાદમાં.

ચોતરફ વરસાદ બસ, વરસાદ મૂશળધાર ને
બેઉ કાંઠે જિંદગી ધોવાય છે વરસાદમાં.

- પ્રજ્ઞા વશી

વર્ષા ગીત

કોણ આજે રહે બંધ બારણે?
આવ, આવ, જો જગત-પ્રાંગણેઃ (૨)

સાગર હિલ્લોલે વનવન ડોલે,(૨)
વીજ ચડી છે વિરાટ ઝૂલે;
દુરે, સીમે, નવ નવ મોલે(૨)
ધરતીનું દિલ ખોલે. -કોણ.

વાદળ-નાદે ઝરણાં જાગે, (૨)
મત્ત બની ઘર સરિતા ત્યાગે;
જલધારાના સહુ ઝંકારે (૨)
સંજીવન-સૂર વાગે. – કોણ.

આભ ખુશી જો વિધ વિધ રંગે, (૨)
ધરા ખુશી નવ-ધાન-સુગંધે;
ધરતી-નભના આ ઉત્સવમાં (૨)
આવ, આવ, સહુ સંગે. – કોણ.

તારા વિનાનું મારૂં પહેલું ચોમાસું - એષા દાદાવાળા

બીજું તો કંઈ નહીં ખાસ
મારે તને આટલું જ કહેવાનું
તારા વિનાનું મારૂં પહેલું ચોમાસું...!

વરસાદી ટીપાં એમ સ્પર્શતા મને
જાણે તારી આંગળીઓનો જાદુ
ધોધમાર વરસાદ ને છત્રી જો એક
એક છત્રીમાં બેઉ કેમ માશું?
વાછટના સ્પર્શે એમ થાતું મને કે હવે આવીને અડકે છે તું.....!

અંદરથી ઉકળાટ થાતો મને
ને તોય આંખથી વરસે ના પાણી
તારા વિના આ વરસાદે પલળુમ
તો લાગું રાજા વિનાની કોઈ રાણી
આવી તું જાય તો ભીનાશ ઉકેલતાં એકમેકને સમજાશું....!

સૂની પથારી, બે-ચાર તમરાં ને
કાળું આકાશ બિવડાવે...
બ્હારથી રાખે મને સાવ કોરી
ને ભીતરે આખી પલળાવે
જલ્દી તું આવે એ આશાએ મેં તો ઊંધું મૂક્યું છે પવાલું...!

- એષા દાદાવાળા

નક્કી આ ચોમાસુ બેઠું- કૃષ્ણ દવે

પથરા આધા પાછા થૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું.
છત્રી પન ચોરીને લૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું.

રેઇનકોટ ને ગમશુઝથીયે જાડી ચામડીય વાળા ક્યે,
ભીંજાતા ભીંજાતા રૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું.

નહિંતર એ કેવા કંજુસ છે! કદિ કોઇને કૈં આપે? પણ -
મને ગીફ્ટમાં વાદળ દૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું.

કઇ રીતે ભીંજાવુ એનું લાબું લાબું ભાષણ દઇને
પોતે પાછા ઘરમાં વૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું.

બીજા તો કોરાકટ સમજ્યા, પણ સોંસરવા જે પલળ્યા રે
મને કાનમાં આવી કૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું.

- કૃષ્ણ દવે

## આવ રે વરસાદ

આવ રે વરસાદ
ઘેબરીઓ પરસાદ
ઊની ઊની રોટલી
ને કારેલાનું શાક

આવ રે વરસાદ
નેવલે પાણી
નઠારી છોકરીને
દેડકે તાણી

એક ચોમાસું - કરસનદાસ લુહાર

એક ચોમાસું કે, તું તું-થી સભર;
એક ચોમાસું કે, હું મારા વગર.

એક ચોમાસું કે, ઉનાળાઉં હું;
એક ચોમાસું કે, તું છે તરબતર !
એક ચોમાસું કે, તું બસ પર્ણ-પર્ણ;
એક ચોમાસું કે, હું છું પાનખર.
એક ચોમાસું કે, તું અલકાપુરી,
એક ચોમાસે હું રામાદ્રિ ઉપર !

- કરસનદાસ લુહાર

એવું કાંઈ નહીં ! - ભગવતીકુમાર શર્મા

હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
. એવું કાંઈ નહીં !
હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મઘમઘતો સાદ,
. એવું કાંઈ નહીં !

સાવ કોરુંકટાક આભ, કોરોકટાક મોભ, કોરાંકટાક બધાં નળિયાં,
સાવ કોરી અગાસી અને તે ય બારમાસી, હવે જળમાં ગણો
. તો ઝળઝળિયાં !
ઝીણી ઝરમરનું ઝાડ, પછી ઊજળો ઉઘાડ પછી ફરફરતી યાદ,
. એવું કાંઈ નહીં !
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
. એવું કાંઈ નહીં !

કાળું ભમ્મર આકાશ મને ઘેઘૂર બોલાશ સંભળાવે નહીં;
મોર આઘે મોભારે ક્યાંક ટહુકે તે મારે ઘેર આવે નહીં.
આછા ઘેરા ઝબકારા, દૂર સીમે હલકારા લઇને આવે ઉન્માદ,
. એવું કાંઈ નહીં !
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
. એવું કાંઈ નહીં !

કોઈ ઝૂકી ઝરુખે સાવ કજળેલા મુખે વાટ જોતું નથી;
કોઈ ભીની હવાથી શ્વાસ ઘૂંટીને સાનભાન ખોતું નથી.
કોઈના પાલવની ઝૂલ, ભીની ભીની થાય ભૂલ, રોમે રોમે સંવાદ
. એવું કાંઈ નહીં !
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
. એવું કાંઈ નહીં !

-ભગવતીકુમાર શર્મા

વરસાદમાં - આદિલ મન્સૂરી

કેટલી માદકતા સંતાઈ હતી વરસાદમાં !
મસ્ત થઈ સૃષ્ટિ બધી ઝૂમી ઊઠી વરસાદમાં !

રેઇનકોટ, છત્રીઓ, ગમ શૂઝ, વોટરપ્રૂફ હેટ્સ
માનવીએ કેટલી ભીંતો ચણી વરસાદમાં !

કેટલો ફિક્કો અને નિસ્તેજ છે બીમાર ચાંદ
કેટલી ઝાંખી પડી ગઈ ચાંદની વરસાદમાં !

કોઈ આવે છે ન કોઈ જાય છે સંધ્યા થતાં
કેટલી સૂની પડી ગઈ છે ગલી વરસાદમાં !

એક તું છે કે તને કંઇ પણ નથી થાતી અસર,
ભેટવા દરિયાને ઊછળે છે નદી વરસાદમાં.

લાખ બચવાના કર્યા એણે પ્રયત્નો તે છતાં
છેવટે 'આદિલ' હવા પલળી ગઇ વરસાદમાં.

- આદિલ મન્સૂરી

વરસાદમાં - ઉદયન ઠક્કર

ભીંજાવામાં નડતર જેવું લાગે છે :
શરીર સુદ્ધાં, બખ્તર જેવું લાગે છે.

મને કાનમાં કહ્યું પુરાણી છત્રીએ,
"ઊઘડી જઈએ : અવસર જેવું લાગે છે..."

મોસમની હિલચાલ જ છે આશાવાદી :
સોળ અચાનક સત્તર જેવું લાગે છે.

ખુલ્લા ડિલે વૃદ્ધ મકાનો ઊભાં છે,
અક્કેકું ટીપું શર જેવું લાગે છે !

- ઉદયન ઠક્કર

વ્હાલપની વાત - ઉમાશંકર જોશી

વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.
એવી વ્હાલપની વાત રંગભીની.

આકાશે વીજ ઘૂમે,
હૈયામાં પ્રીત ઝૂમે,
છંટાતી સ્વપ્નની બિછાત રંગભીની.
વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.

બાજે અજસ્ત્રધાર
વીણા સહ્સ્ત્રતાર
સ્મૃતિના ઝંકાર આંખે લુવે રંગભીની.
વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.

ઓ રે વિજોગ વાત!
રંગ રોળાઈ રાત,
નેહભીંજી ચૂંદડી ચૂવે રંગભીની.
વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની.

-ઉમાશંકર જોશી

આજ અષાઢ આયો - નિરંજન ભગત

રે આજ અષાઢ આયો,
મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો !

દૂર દખ્ખણ મીટ માંડીને
મોરલે નાખી ટહેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હેતની હેલ;
એમાં મન ભરીને મતવાલો મોર ન્હાયો !

મેઘવીણાને કોમલ તારે
મેલ્યાં વીજલ નૂર,
મેહુલાએ ત્યાં જલની ધારે
રેલ્યા મલ્હારસૂર;
એથી ધરતીને અંગ રંગઉમંગ ન માયો !

જનમાં વનમાં અષાઢ મ્હાલ્યો,
સંસાર મ્હાલ્યો સંગ,
અલકાથી હું દૂર, તે સાલ્યો
મને ન લાગ્યો રંગ;
એ તો સૌને ભાયો ને શીતલ છાંય શો છાયો !

આપણે રે પ્રિય, સામસામે તીર,
ક્યારે ય નહીં મિલાપ;
ગાશે જીવનજમુનાનાં નીર
વિરહનો જ વિલાપ ?
રે આયો અષાઢ ને વાયરે તોયે વૈશાખ વાયો !

બિરહમાં બાઢ લાયો !
રે આજ અષાઢ આયો ! -નિરંજન ભગત

ગુલાબ મારાં કોણ લેશે ? - મહેશ દવે

શ્રાવણી સવારની ભીનીભીની છાબમાં
ટહુકાનાં ખીલ્યાં ગુલાબ
ગુલાબ મારાં કોણ લેશે ?

શ્રાવણી બપોરની ભીનીભીની છાબમાં
તડકાનાં ખીલ્યાં ગુલાબ
ગુલાબ મારાં કોણ લેશે ?

શ્રાવણી સાંજની ભીનીભીની છાબમાં
સળવળતાં કોનાં ગુલાબ
ગુલાબ મારાં કોણ લેશે ?

શ્રાવણી રાતની ભીનીભીની છાબમાં
સપનાંનાં ઊઘડે ગુલાબ
ગુલાબ મારાં કોણ લેશે ?

કોઈ મને ક્યારે કહેશે -
ગુલાબ મારાં કોણ લેશે ?

- મહેશ દવે

અષાઢ - પ્રદ્યુમ્ન તન્ના

આયો અષાઢ !
સઘન ગગન ઘન ગરજ સુણીને થર થર કંપ્યા પ્હાડ!

કાજળ ઘેરાં વાદળ છાઈ દિશા ચૂવે અંધાર,
ઝબકે સબકે લબકે વીજ કરી નાગણ શા ફુત્કાર,
વન વન દંડન ખંડન કરતો સમીરણ પાડે ત્રાડ!

ઉઘલ ઉઘલ દળવાદળ પલપલ વરસે મુશળધાર,
પ્રકૃતિ રૂઠી ઊઠી આજે ધરે પ્રલયસિંગાર
રંગરંગીલી ઓઢણી છોડી ઓઢે જળ-ઓછાડ!

આભ ચીરીને ઊતરે જાણે વૈતરણીનાં વાર,
આકુલ જનગણ કંઠે ઊડતો ઘેરો એક પુકાર,
પ્રલયંકર હે શંકર ! એને ઝીલો જટાની આડ.

- પ્રદ્યુમ્ન તન્ના

## ઝીણા ઝરમર વરસે મેહ - ન્હાનાલાલ

ઝીણા ઝરમર વરસે મેહ,
ભીંજે મારી ચુંદડલી :
એવો નીતરે કૌમારનો નેહ,
ભીંજે મારી ચુંદડલી.

આજ ઝમે ને ઝરે ચંદ્રની ચન્દ્રિકા,
ભીંજે રસિક કોઈ બાલા રે :
ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી,
ભીંજે મારા હૈયાની માલા :
હો ! ભીંજે મારી ચુંદડલી.

વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે,
ટહુકે મયૂર કેરી વેણાં રે :
ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે,
ટમકે મારા નાથનાં નેણાં :
હો ! ભીંજે મારી ચુંદડલી.

આનંદકન્દ ડોલે સુન્દરીનાં વૃંદ ને
મીઠા મૃદંગ પડછંદા રે :
મન્દ મન્દ હેરે મીટડી મયંકની,
હેરો મારા મધુરસચંદા !
હો ! ભીંજે મારી ચુંદડલી.

-ન્હાનાલાલ

વરસાદ પછી - લાભશંકર ઠાકર

જ લ ભીં જે લી
જો બ ન વં તી
લથબથ ધરતી
અં ગ અં ગ થી
ટપકે છે કૈં
રૂપ મનોહર !
ને તડકાનો
ટુવાલ ધોળો
ફરી રહ્યો છે
ધીમે ધીમે;
યથા રાધિકા
જમુનાજલ માં
સ્નાન કરીને
પ્ર સ ન્ન તા થી
રૂપ ટપકતા
પારસ - દેહે
વસન ફેરવે
ધીરે ધીરે !

જોઈ રહ્યો છે
પરમ રૂપના
ઘૂંટ ભરંતો
શું મુજ શ્યામલ
નેનન માંહે
છુપાઈને એ
કૃષ્ણકનૈયો ?

- લાભશંકર ઠાકર

ગીત - મણિલાલ હ. પટેલ

એકલતાઓ એમ વરસતી જાણે કે ચોમાસું
સાંજ પડે જેમ દીવા પ્રગટે એમ પ્રગટતાં આંસુ ...

દૂર દેશની માયા ચીંધી લઈ લીધો મેવાડ
વર્ષો ઊંચાં વૃક્ષો આપી છીનવી લીધા પ્હાડ
મારામાંથી મને મૂકીને કોણ વળે છે પાછું ... સાંજ પડે જેમ...

કલરવ પીંછાં સીમ ગામડાં યાદ મને છલકાવે
જીવવાની અફવાઓ પંખી શહેરોમાં ફેલાવે
છાતી વચ્ચે ઊમટી પડતું ઇડરિયા ચોમાસું... સાંજ પડે જેમ...

પીળાં પાંદડાં એમ ખરે છે ખરતું જાણે વ્હાલ
સાદ પાડતું કોણ મને એ ? પ્રગટે કેવા ખ્યાલ ?
તિમિરની કેડી પકડીને દૂર કેટલે જાશું ?... સાંજ પડે જેમ...

- મણિલાલ હ. પટેલ

અઢી અક્ષરનું ચોમાસું - ભગવતીકુમાર શર્મા

અઢી અક્ષરનું ચોમાસું, ને બે અક્ષરના અમે;
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે!

ત્રણ અક્ષરના આકાશે આ બે અક્ષરની વીજ,
બે અક્ષરનો મોર છેડતો સાત અક્ષરની ચીજ.

ચાર અક્ષરની ઝરમર ઝીલતાં રૂંવાડાં સમસમે,
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે!

ચાર અક્ષરના મેઘમાં છલબલ આપણાં ફળિયાં;
આંખમાં આવ્યાં પાંચ અક્ષરનાં ગળાબૂડ ઝળઝળિયાં!

ત્રણ અક્ષરનું કાળજું કહો ને, ઘાવ કેટલા ખમે ?
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે!

પાંચ અક્ષરનો મેઘાડંબર, બે અક્ષરનો મેહ,
અઢી અક્ષરના ભાગ્યમાં લખિયો અઢી અક્ષરનો વ્રેહ!

ત્રણ અક્ષરનું માવઠું મુજ સંગ અટકળ અટકળ રમે!
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે!

- ભગવતીકુમાર શર્મા

વરસાદ ભીંજવે - રમેશ પારેખ

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે

ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઉગ્યું રે વરસાદ ભીંજવે
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે

નહીં છાલક, નહીં છાંટા રે વરસાદ ભીંજવે
દરિયા ઉભા ફાટ્યા રે વરસાદ ભીંજવે

ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે
ધૂળ લવકતા રસ્તા ખળખળ વળાંક ખાતા ખૂટ્યા રે વરસાદ ભીંજવે

પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે
નેવાં નીચે ભડભડ બળતો જીવ પલળવા મેલો રે વરસાદ ભીંજવે

બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે
લીલોધમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે વરસાદ ભીંજવે

અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે

થરથર ભીંજે આંખકાન, વરસાદ ભીંજવે,
કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે.

-રમેશ પારેખ

આવ સજનવા - દિલીપ રાવળ

મને થવું તરબોળ હવે તો ભીની ભીની રાતો લઈને, આવ સજનવા;
તું વરસાદી વાતો લઈને આવ સજનવા.

ચૈતર ટાઢો ડામ બનીને અંગ અંગને બાળે,
પરસેવે હું રેબઝેબ ને ગામ બધુંયે ભાળે,
રોમરોમમાં ગીત મૂકીશું તું અષાઢને ગાતો લઈને, આવ સજનવા;
તું વરસાદી વાતો લઈને આવ સજનવા...

આવ આપણા સંબંધોને નામ આપશું થોડાં,
પળ પળ વીતી જાય વાલમા, પછી પડીશું મોડાં,
તોડ્યો જે ના તૂટે એવો એક અજાયબ નાતો લઈને, આવ સજનવા;
તું વરસાદી વાતો લઈને આવ સજનવા...

હૈયું રહેશે હાથ નહિ ને હાથ તમારે હાથે,
મળશું ભીના કૉલ આપશું વાદળ ઘેરી રાતે,
મસ્તીમાં ચકચૂર બનીશું જા, મોસમ મદમાતો લઈને, આવ સજનવા;
તું વરસાદી વાતો લઈને આવ સજનવા...

-દિલીપ રાવળ

એક ટેકરી - કરસનદાસ લુહાર

આખા ડિલે ઊઠી આવ્યા
જળના ઝળહળ સોળ,
એક ટેકરી પહેલુંવહેલું
નાહી માથાબોળ... !

સાવ અચાનક ચોમાસાએ
કર્યો કાનમાં સાદ...
અને પછી તો ઝરમર ઝરમર
કંકુનો વરસાદ !
દસે દિશાઓ કેસૂડાંની
થઈ ગઈ રાતીચોળ
એક ટેકરી પહેલુંવહેલું
નાહી માથાબોળ... !

ભીનો મઘમઘ મૂંઝારો
ને પરપોટાતી ભીંત,
રૂંવેરૂંવે રણઝણ રણઝણ
મેઘધનુનાં ગીત
શ્વાસોચ્છ્વાસે છલ્લક
કુમકુમ કેસરિયાળી છૉળ,
એક ટેકરી પહેલુંવહેલું
નાહી માથાબોળ... !

- કરસનદાસ લુહાર

આંખોમા બેઠેલા ચાતક - તુષાર શુક્લ

આંખોમા બેઠેલા ચાતક કહે છે મારું ચોમાસું ક્યાંક આસપાસ છે,
ગાલો પર લજ્જાની લાલી ફુટ્યાનું કોઈ કારણ પુછે તો કહું ખાસ છે !

કોરી કુંવારી આ હાથની હથેળીમાં માટીની ગંધ રહી જાગી
તરસ્યા આ હોવાના કોરા આકાશમાં આષાઢી સાંજ એક માંગી
વરસાદી વાર્તાઓ વાંચી વાંચીને હવે ભીજાવું એ તો આભાસ છે
ગાલો પર લજ્જાની લાલી ફુટ્યાનું કોઈ કારણ પુછે તો કહું ખાસ છે !

કોરપની વેદના તો કેમેય સહેવાય નહીં, રુંવે રુંવેથી મને વાગે
પહેલા વરસાદ તણુ મધમીઠું સોણલું રહી રહીને મારામાં જાગે
નસનસ આ ફાટીને વહેવા ચાહે છે આ તો કેવો અષાઢી ઉલ્લાસ છે
ગાલો પર લજ્જાની લાલી ફુટ્યાનું કોઈ કારણ પુછે તો કહું ખાસ છે !

આંખોમા બેઠેલા ચાતક કહે છે મારું ચોમાસું ક્યાંક આસપાસ છે
ગાલો પર લજ્જાની લાલી ફુટ્યાનું કોઈ કારણ પુછે તો કહું ખાસ છે !

- તુષાર શુક્લ

ગઝલ - રવીન્દ્ર પારેખ

ડૂબવાનું હોય જાણે કે જગત,
એટલો વરસાદ વરસે છે સખત.

બારણાં, બારી બધું વરસાદનું,
ને ઉપર વરસાદની એકાદ છત.

જળ ભલે આપે મને વરસાદ તું-
લે, ઉમેરી અશ્રુ આપું છું પરત.

હોય કોરું તોય હું તરબોળ છું,
યાદમાં એવું બધું તો હસ્તગત.

હું મને મળવા મથું પણ ના મળું,
એટલો વરસાદ વચ્ચે છે સતત.

ના કશેથી આવવું કે ના જવું -
ને ઉપરથી જાય ના ભીનો વખત.

શક્ય છે એ રીતથી મળવું બને,
લે; લખ્યો આજે મને એકાદ ખત.

સાવ લીલું ઘાસ ફેલાયું બધે,
દેવકાવ્યોની ખૂલી છે હસ્તપ્રત.

ભીની આંખે કેમ ઉકેલું કહે,
વીજળી છે કે કોઈના દસ્તખત !

-રવીન્દ્ર પારેખ

ભીંજાવું ચડ્યું ટલ્લે - સંદીપ ભાટિયા

આખું ચોમાસું તેં મોકલ્યું ટપાલમાં ને પરબીડિયું ગયું ગેરવલ્લે
હવે મારું ભીંજાવું ચડ્યું ટલ્લે

છત્રીને થાય, એક નળિયાને થાય, કોઈ નેવાને થાય એવું થાતું
ખુલ્લા થયા ને તોયે કોરા રહ્યાનૂં શૂળ છાતીમાં ઊંડે ભોંકાતું
વાદળાંની વચ્ચોવચ હોવું ને તોય કદી છાંટા ન પામવા જવલ્લે
હવે મારું ભીંજાવું ચડ્યું ટલ્લે

ભીંજેલા દિવસોને તડકાની ડાળી પર સૂકવવા મળતા જો હોત તો
કલરવનો ડાકિયો દેખાયો હોત કાશ મારુંયે સરનામું ગોતતો
વાછટના વેપલામાં ઝાઝી નહીં બરકત,
ગુંજે ભરો કે ભરો ગલ્લે

હવે મારું ભીંજાવું ચડ્યું ટલ્લે.

- સંદીપ ભાટિયા

વરસાદમાં - સુધીર પટેલ

ક્યાંય ના ધિક્કાર છે વરસાદમાં,
પ્યાર બસ ચિક્કાર છે વરસાદમાં.

પ્યાસનો સ્વીકાર છે વરસાદમાં,
તોષનો વિસ્તાર છે વરસાદમાં !

ધરતી માથાબોળ નાહી નીતરે,
એ જ તો શૃંગાર છે વરસાદમાં !

સૌના ચ્હેરા પર ખુશી રેલાય ગૈ,
એક છૂપો ફનકાર છે વરસાદમાં.

જિંદગીભર ચાલશે એક બુંદ પણ,
એટલો શ્રીકાર છે વરસાદમાં.

છત નીચે ઊભી ગઝલ ના લખ 'સુધીર'
કૈં ગઝલનો સાર છે વરસાદમાં !

- સુધીર પટેલ

અષાઢના પ્રથમ દિવસે - ઉદયન ઠક્કર

અહીં મેં પ્રથમ મેઘને વ્યથા સંભળાવી લીધી
અને ત્યાં પ્રિયાએ તરત તાડપત્રી લગાવી લીધી

નયન જો ગમે તો નયન, હ્રદય જો ગમે તો હ્રદય
હવાફેર માટે તને જગા બે બતાવી દીધી

એ તો હસ્તરેખાઓનું નસીબ જોર કરતું હશે
હથેળીમાં લઈ એમણે હથેલી દબાવી લીધી

કોઈ પ્હેરી કંકણ ફરે, કોઈ કુંડળોને ધરે
અમે કંઠી વરસાદની ગળામાં સરાવી લીધી

કે વરસાદના નામ પર તો કૈં કૈં અડપલા થયાં
નદીએ વગર હકની જમીનો દબાવી લીધી

બે આંખોના ગલ્લા ઉપર ધસારો થયો દૃશ્યનો
વરસભરની આવક જુઓ, પલકમાં કમાવી લીધી

આ વરસાદમાં જાતનું થવાનું હતું, તે થયું
જરા ઓગળી ગઈ અને વધી તે વહાવી લીધી

પરોઢે ફૂણા તાપને, મળ્યા આપ તો આપને
પહેલું મળ્યું એને મેં ગઝલ સંભળાવી લીધી

- ઉદયન ઠક્કર

મેઘા - રમેશ પટેલ(આકાશદીપ)

દશે  દિશાએ વાયુ વાયે
કાળાં ડિબાંગ વાદળ ઉમટે
અંબર ગાજે, વીજ ઝબૂકે
ધરતીનો ધબકાર પુકારે
આવરે  મેઘા મારે દ્વારે(૨)

કેવો વરસે...
ઝરમર ઝરમર ધારે વરસે
વાયુના વીંઝણાએ વરસે
આસમાનથી ત્રાંસો વરસે
સાંબેલાની ધારે  વરસે
રાજાશાહી  ઠાઠે  વરસે...આવરે મેઘા

અષાઢે આખેઆખો વરસે
શ્રાવણે ઝરમરિયો વરસે
પારેવાની પાંખે વરસે
મોરલાને   કંઠે  વરસે
ભૂલકાંની સંગાથે વરસે...આવરે મેઘા

કેવો વરસ્યો......
પર્વતની  ટેકરીએ વરસ્યો
ઊંડી ઊંડી  ખીણે વરસ્યો
ભેખડો  તોડી  ને  વરસ્યો
ગામ-શહેરની વાટે વરસ્યો
સૃષ્ટિ માટે  દોડી વરસ્યો...આવરે મેઘા

માનવની શ્રધ્ધાથી વરસ્યો
ચાતકના પ્રેમે એ વરસ્યો
મોરલાના નાચે વરસ્યો
નવોઢાના  સાદે વરસ્યો
ધીંગી ધરાને કાજે વરસ્યો....આવરે મેઘા

કેવો છલક્યો કેવો મલક્યો....

સરોવરને કિનારે છલક્યો
બંધતણા દરવાજે છલક્યો
નદીઓના કાંઠાએ છલક્યો
ગામોની વાટો એ છલક્યો
દિલ દઈ ડેલીએ વરસ્યો.....આવરે મેઘા

ડાંગરની ક્યારીએ મલક્યો
ઊંચા  ઊંચા તરૂએ મલક્યો
મોતી થઈ પાંદડીએ મલક્યો
વાડતણા  વેલાએ મલક્યો
વહાલો મારો લીલીછમ  મલક્યો...આવરે મેઘા

ગરીબોના ફૂબાએ મલક્યો
ખેતરે મોલ થઇ મલક્યો
ખેડૂતોના અંતરથી મલક્યો
વેપારીની વખારે  મલક્યો
વાહ ધરણીધર  કેવો મલક્યો....આવ રે મેઘા

કેવો ચમક્યો કેવો મહેંક્યો...
મેઘ  ધનુષના રંગે ચમક્યો
ચાંદલીયાના જળકુંડે ચમક્યો
પંકજની  પાંદડીએ ચમક્યો
સાગરની સેજે  રે  ચમક્યો
મંદિરના શિખરીએ ચમક્યો.....આવરે મેઘા

ધરતીની ખુશબુ થઈ મહેંક્યો
મોરલાના   કંઠડે  ગહેંક્યો
શ્યામલ રૂપ ધરીને છલક્યો
ખીલતા યૌવનથી મલક્યો
ભક્તિની શક્તિથી ખૂબ ઝબૂક્યો....આવરે મેઘા

ગાજતો રહેજે ,વરસતો રહેજે
દશે દિશાએ  દોડતો રહેજે
વરસે વરસે ભીંજાવતો રહેજે
સૃષ્ટિને  સજાવતો  રહેજે
મેઘાડંબર ગજાવતા રહેજે....ગજાવતો રહેજે
વહાલા મેઘા આવતો રહેજે .....આવતો  રહેજે

રમેશ પટેલ(આકાશદીપ)

વરસાદ – મુકેશ જોશી

તને છોને વરસાદ હોય વ્હાલો,પણ
કોણ તને લાગે છે વ્હાલું વરસાદમાં,
તને આટલું ચોમાસું વ્હાલુ જો હોય,
તો આંખો ભીંજાય કોની યાદમાં.
આઠે મહેના મને આંખોમાં રાખે,
ને ચોમાસે કહે છે જા છૂ,
મને સાચો જવાબ દઇશ તું
તને વ્હાલો વરસાદ કે હું ??

– મુકેશ જોશી

ગઝલ - મોહમ્મદ અલી ભૈડુ'વફા'

શાને કરો ફરિયાદ કે વરસાદ ભીઁજવે
ઉભાઁ હૈયા ફાટ કે વરસાદ ભીઁજવે

આમ સુકાવાની ઉતાવળ તને કયાઁ થઇ
સૂરજ ને દો ન સાદ કે વરસાદ ભીઁજવે

અવસર સદા કયાઁ સાપડે કે ભીઁજતા રહે
ગમતી મળી છે માત કે વરસાદ ભીઁજવે

હૈયાઁ તો મૃદુ રહ્યાઁ ને તન આ ટાઢુ બોડ
ગરમાવો પ્રેમ વાટ કે વરસાદ ભીઁજવે

ચઁપાઈ બે ખગ ગયા કે એક છે જાણે
દિલનો ઉતારો થાક કે વરસાદ ભીઁજવે

પાલવને તે લાજના વળગી પડયાઁ 'વફા,
માઝમ છે કાળી રાત કે વરસાદ ભીઁજવે

- મોહમ્મદ અલી ભૈડુ'વફા'

આવે મેહુલિયો! – અવિનાશ વ્યાસ

કાનમાં પવન કહીને ચાલ્યો- કે હે આવે મેહુલિયો!
ધીખરતી ધરતીને માથે ભીનો ભીનો વીંઝણલો ઢાળ્યો.

દૂર દૂર દૂર દખ્ખણના ઢોલ વાગ્યાઃ મસ્ત મેહુલિયો આયો રે!
બજે આભે નિશાન ડંકો, એને પવન નાંખતો પંખો;
થયો ધરતીનો પાવન મનખો, આજ ઘર આવે એનો બંકો.
દળ વાદળનાં મોતી વેરતાં, ગગન મલ્હાર ગવાયો રે!

લીલી લીલી ધરતી મન મલકંતી તરુવર ચઢીને બોલે,
ખળખળખળ ખળખળખળ સરિતા ને ઝરણાં સરવરિયા પણ ડોલે.
વસુંધરાનો પાલવ લ્હેરે, તરસ્યાનો જામ ભરાયો રે!

....કાનમાં પવન કહીને ચાલ્યો- કે હે આવે મેહુલિયો!.......

– અવિનાશ વ્યાસ

મુશળધાર Rain – ગુજLish કવિતા - સાક્ષર ઠક્કર

ઇન્ટરવ્યુના દિવસે સવાર સવારમાં જ થઇ ગયો ત્રાસ;
I think my wisdom went somewhere to eat grass.

પહેરીને નીકળ્યો હતો સરસ મજાનું શર્ટ ઈમ્પોટેડ;
In rain, my new shirt's bed got rotated.

પાછો આવ્યો, શર્ટ બદલ્યું, ને ફરી પાછો છત્રી લઇને નીકળ્યો;
my mind became yogurt when my umbrella became crow.

પછી તો ફાટી છત્રી ને છત્રી પરનું વોરંટીનું લેબલ;
The rain was not predicted to be so unગોંઠેબલ;

પછી ત્યાંથી નીકળ્યો આગળ હું પલળેલા કુકડાની માફક,
everything was alright but then came a truck;

ઉછાળ્યો કાદવ મારી પર અને બચ્યું હતું એ બધું પલડી'ગ્યું ;
after all this headache, finally i reached for the interview.

ત્યાં ઓફીસ ની બહાર આવીને આમ બોલ્યા એક બહેન ;
Interview is cancelled today, because of rain.

આટલું કર્યા પછી, અહી પહોચ્યા પછી, હું આટલું જ બોલ્યો એમની આગળ;
In taking interview today, what goes of your father?

- સાક્ષર ઠક્કર

વરસાદ ભિડુ તુ ક્યારે વરસે રે? - સાક્ષર ઠક્કર

તારા વગર અહિઁ લોકો તરસે રે,
વરસાદ ભિડુ તુ ક્યારે વરસે રે?

બહુ જોઇ બોસ અમે તારી વાટ,
અગાસીથી લાવી દીધા નીચે અમે ખાટ,
આવવાનુઁ મુરત તારુ કયા વર્ષે રે?
...વરસાદ ભિડુ તુ ક્યારે વરસે રે?

બાળકોએ તૈયાર કરી દીધી હોડી,
ચાતકની આંખો થઇ રાહ જોઇ પહોળી,
એની અરજી તું ક્યારે કાને ધરશે રે?
...વરસાદ ભિડુ તુ ક્યારે વરસે રે?

ખેડુતની મહેનતને ફળ તો આપ,
હાથે કરી શા માટે વહોરે છે પાપ,
આમ ને આમ કેટલા ખેડુ મરશે રે?
...વરસાદ ભિડુ તુ ક્યારે વરસે રે?

-સાક્ષર ઠક્કર

આવ રે વરસાદ - સંજય વિ. શાહ ‘શર્મિલ’

આવ રે વરસાદ હવે તો આવ રે વરસાદ
આકાશે ઓઢી લીધાં છે ઢગલો વાદળ આજ
વીજળીએ સંભળાવી દીધાં કેટકેટલાં સાજ
આવ રે વરસાદ હવે તો...

વાત રૂપાળી વાટ અજાણી વળી અનોખું ગામ
એક છોકરી અલ્લડ અણઘડ જાદુ એનું કામ
અમથું અમથું જોઈને દીધો જનમ જનમનો સાદ
આવ રે વરસાદ હવે તો...

મારી આંખને તારી વાતની મીઠી નજરું લાગી
રોમરોમથી ધસમસતી જો રૂપની નદીઓ ભાગી
દિલના દરિયે પણ જાગ્યો છે પ્રેમનો કેવો નાદ
આવ રે વરસાદ હવે તો...

ડગલું ડગ ચૂક્યું છે આજે મતવાલું મન થાતું
હું જાતો કે મારી પાછળ છાનું કંઈ રહી જાતું
પૂછી પૂછી થાક્યો છું બસ, ચૂપ થા અંતરનાદ
આવ રે વરસાદ હવે તો...

તારી પાયલ, તારી વાણી મારામાં મોહરાય
હસતી હસતી, રમતી રમતી કેવી કહેતી જાય
કહેતી કહેતી, આંખે ભરતી તારી ઝરમર યાદ
આવ રે વરસાદ હવે તો...

- સંજય વિ. શાહ ‘શર્મિલ’

ગરજ ગરજ વરસો - કાંતિ અશોક

ગરજ ગરજ વરસો જલધર
દીપકથી દાઝેલાં તનને
શીતળ જળથી પરસો
ગરજ ગરજ વરસો જલધર
તરસ્યાની ના તરસ છીપાવે
એ વાદળ કોને મન ભાવે
આકાશી આ હેલ છલોછલ
સંઘરીને શું કરશો ?
ગરજ ગરજ વરસો જલધર
પરદુઃખમાં થઈને દુઃખીયારા
લઈએ ખોળામાં અંગારા
જલતાને ઠારો તો જુગજુગ
ઠાર્યાં એવાં ઠરશો
ગરજ ગરજ વરસો જલધર
ગગન ઘોર ઘન
શ્યામ શ્યામ તન
મેઘરાજ આવો
થર થર થર થર મેરુ કંપે
જલ થલ જલ વરસાવો
આવો....આવો
ગરજ ગરજ વરસો જલધર
કનક કામિની
દમક દામિની
નૂર નભમાં રેલાવો
ઝરમર મોતી વસુંધરાને પાલવડે ટંકાવો
આવો....આવો
ગરજ ગરજ વરસો જલધર

- કાંતિ અશોક

ઓરડાની માલીપા બેસીને નીરખું – તુષાર શુક્લ

ઓરડાની માલીપા બેસીને નીરખું
કે ચોમાસું કોની સોગાત છે?
ભીનપની, ટહુકાની, લાગણીના વહેવાની,
કે કોરા કુતુહલની વાત છે!

વરસાદી વાદળાએ ઘેર્યું આકાશ, અને
વર્ષાની ઝામી તૈયારી
તુફાની વાયરાના ભીના અડપલાએ હું
કેમ કરી બંધ કરું બારી

ત્રૂફેલા મોરલાઓ ગહેકી ઉઠે છે,
એવી વરસાદી વાતો રળીયાત છે

મનડું મુંઝાય અને હૈયું હિજરાઇ
લીલા તોરણ સુકાય મારે ટોડલો
પ્રિતમને કહી દો કે સૂના આકાશ મહીં
આષાઢી ગીતો ના મોકલે

તરસ્યો આ કંઠ મારો કોરોધારોક
છો ને લીંપણમા નદીઓની ભાત છે

ઓરડાની માલીપા બેસીને નીરખું
કે ચોમાસું કોની સોગાત છે?
ભીનપની, ટહુકાની, લાગણીના વહેવાની,
કે કોરા કુતુહલની વાત છે!

– તુષાર શુક્લ

એકલ દોકલ વરસાદે કેવી ભીંજાતી હું - મુકેશ માવલણકર

એકલ દોકલ વરસાદે કેવી ભીંજાતી હું,
વાત વાતમાં વ્હાલમ વાદળ ઓઢાડીને છૂ.

સાંજ પડે ને વ્હાલમ આવી પૂછે, ‘કેમ છો રાણી’,
છે મજા એવું બોલીને છલકે આંખે પાણી,
તો આંસુના દિવાને એ પછી એણે ફૂંક મારી – ‘ફૂ’

વ્હાલમ ક્યારે દરિયો દિલનો ઢોળે,
ક્યારે વ્હાલમ મૂકી માથું સૂવે મારે ખોળે.
ને મેં કહ્યું કે રોકાઈ જા, તો એ કહે – ‘ઉંહુ

એકલ દોકલ વરસાદે કેવી ભીંજાતી હું,
વાત વાતમાં વ્હાલમ વાદળ ઓઢાડીને છૂ.

- મુકેશ માવલણકર

હાલો મારા શામળા ને હાલો મારા ધોળીયા - પ્રહ્લાદ પારેખ

હાલો મારા શામળા ને હાલો મારા ધોળીયા !
આકાશે આવ્યો પેલો મહુલો, જી —— હાલો

તારા તે રંગ કેરો મેહુલો છે શામળા !
ને તારા તે રંગ કેરી વીજ, અલ્યા ધોળીયા !——હાલો

બાંકી છટાએ આવ્યો ડુંગરની ધારે એ તો.
ઘેરી ઘટાએ આવ્યો ખેતરને આરે મારેઃ
ગઢને તે કાંગરેથી બોલાવે મોરલા ને
માટીની સોડમ દેતી સાદ. અલ્યા શામળા ——હાલો

સુકી આ ધરતી માથે, જૈને ત્રણે સંગાથે,
કરવી છે લીલમવરણી ભાત.
મારા આ આયખાની સુલી ને લીલીમા છે
ધરતી ને ધોરીનો સંગાથ,અલ્યા ધોળીયા ——હાલો

- પ્રહ્લાદ પારેખ

પહેલા વરસાદનો છાંટો – અનિલ જોષી

પહેલા વરસાદનો છાંટો મુને વાગીયો હું
પાટો બંધાવા હાલી રે....
વેંત વેંત લોહી કાંઈ ઊંચું થીયું ને
જીવને ચઢી ગઈ ખાલી રે...

સાસ ને સસુરજી અબઘડી આવશે
કાશીની પૂરી કરી જાત
રોજીંદા ઘરકામે ખલેલ પહોંચાડે મુને
આંબલીની હેઠે પડ્યાં કાતરા રે....

પિયુજી છપરાને બદલે જો આભ હોત
બંધાતી હોત હું યે વાદળી રે...
માણસ કરતાં જો હોત મીઠાંની ગાંગડી
છાંટો વાગ્યો ને જાત ઓગળી રે...

પહેલા વરસાદનો છાંટો મુને વાગીયો હું
પાટો બંધાવા હાલી રે....

– અનિલ જોષી

સાવ અચાનક મૂશળધારે - તુષાર શુક્લ

સાવ અચાનક મૂશળધારે, ધોધમાર ને નવલખ ધારે,
આ વાદળ વરસે છે કે તું ?
ધરાની તરસે વાદળ વરસે, તારી તરસે હું,
મને તું વાદળ કહે તો શું?

ગેબને આરે આભ ઓવારે શ્યામલ શ્યામલ મેઘ ઘેરાયા,
કુંતલ કંઠે આવકારના પ્રીત-ગીત નભમાં લહેરાયા;
ઉત્કટ મિલનની પ્યાસ લઈને, આલિંગન અણમોલ દઈને
આ મનભર મેઘ મળે કે તું?
ધરાની તરસે વાદળ વરસે, તારી તરસે હું,
મને તું વાદળ કહે તો શું?

દાવા છોડી લ્હાવા લઈએ, ભીંજાઈને ભીંજાવા દઈએ,
આજ કશું ના કોઈને કહીએ, મોસમ છે તો વરસી રહીએ;
તરસતણાં ચલ ગીત ભૂલીને, વરસ હ્વે તું સાવ ખૂલીને,
હ્વે કોઈ પાગલ કહે તો શું?
ધરાની તરસે વાદળ વરસે, તારી તરસે હું,
મને તું વાદળ કહે તો શું?

-તુષાર શુક્લ

વરસાદમાં - ડૉ. રશ્મિકાંત શાહ

રેઇનકોટની આડમાં દિલ પલળ્યું કોઈ, વરસાદમાં
સપ્તરંગી બની રૂપ નીખર્યું કોઈ, વરસાદમાં

શું સરવાળા કે બાદબાકી,શું ગુણાકાર કે ભાગાકાર
વરસવું એજ ગણિત હોય પ્રેમનું, કોઈ વરસાદમાં

કોમળતાની તાકાત પણ નીરખી અમે ત્યારે
સખત ધરા પર ફૂટ્યું ઘાંસ કુમળું કોઈ, વરસાદમાં

નયન અને હસ્તરેખાઓ વચ્ચે યુદ્ધ યુગો પુરાણું
નહીંતો જળ બની વહે ના સ્વપ્નું કોઈ, વરસાદમાં

કહ્યું દાક્તરે"રશ્મિ", હવે ચિંતાનું નથી કોઈ કારણ,
ગઝલ નામનું સાધ્ય ઔષધ મળ્યું કોઈ, વરસાદમાં

- ડૉ. રશ્મિકાંત શાહ

વર્ષાની મહેક - જ્યોતિ મોદી

વર્ષની રાહ જોઈ હવે આંખોને ઠંડક મળી
ઝરમર વરસાદમાં હાથ પકડીને તારી સાથે ચાલતા
કદમ થી કદમ મિલાવીને આપણે ભીંજાતા
કેટલું સુંદર દ્રશ્ય આંખો સામે નિહાળતા
એજ લીલાછમ ઝાડ, હરિયાળી અને પહાડો ની સુંદરતા
ભીની ભીની માટીની સુગંધ અને આપણે ભીંજાતા
અહેસાસ તારા સપ્ષનો આ મૌસમમાં
હ્રદયમાં ઉછળતી લહેરો અને આપણે એકબીજાના સાથમાં
તારી આંખોમાં મારા પ્રેમના પ્રતિબિંબ
વરસાદની ઝીણી છાટ ચહેરા પર પડતી
અને તું મને કહેતો આપણે સાથે છીએ આ વરસાદમાં
તારા પ્રેમનો આભાસ મારા હ્રદયની દરેક ધડકનમાં
સાથે બેસી વાતો કરતા, હાથોમાં હાથ અને હિંચકા પર બેસી હસતા
કેટલી મીઠી છે કુદરતની ભેટ, વર્ષા ની મહેક છે આપણા શ્વાસમાં

- જ્યોતિ મોદી

પહેલો વરસાદ – ભરત ચૌહાણ

વરસાદ વરસે ને મહેક ફેલાવે,
ધરતી લીલીછમ ચાદર ઓઢાડે.

મસ્તીમાં મહોરવાને મૌસમ બોલાવે,
પ્રેમીપંખીડા સનમને મળવાને આવે.

ઝાકળના બુંદ સમું હોઠ પર એ આવે,
સનમ એ ચુમવાને તૈયાર થઈ જાવે.

ભીના બદને જયારે પાસે એ આવે,
નયન એ નીરખવાને નૈના લડાવે.

ભીના એ ઝુલ્ફો જયારે વટથી ફેલાવે,
ભરચોમાસે સૌના ઉરમાં આગ લગાવે.

પાણીમાં છબછબ કરતી એ ચાલે,
ને પાયલનો રણકાર કરતી એ હાલે.

– ભરત ચૌહાણ "ઓ-કાન્હા"